HARIRAJ
CHARITABLE TRUST

Volume 1, Issue 1
August
2024

# NEWS AND UPDATES

૨૬ – ઓમનગર (3), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

**સીએલએ કાર્યક્રમ દ્વારા અમરેલી જિલ્લાના ભાંકોદર, ભેરાઈ, કોવાયા અને મોટા માચીયાળા ગામોમાં ધોરણ ૩ થી ૫ ના ૧૨૫ બાળકો સુધી પહોંચ્યા છીએ. અહીં અમે વિદ્યાર્થીઓને શિક્ષણમાં રસ જગાડવા માટે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સક્રિયપણે જોડી રહ્યા છીએ.**






**આ મહિને નિયમિત કાર્યક્રમ સાથે સમુદાયમાં સાંસ્કૃતિક સમૃધ્ધી અને આંનદ લાવવાના ઉદ્દેશ્ય સાથે રક્ષાબંધન અને જન્માષ્ટમીની ઉજવણી કરી.**






ઓગસ્ટ મહિનાના અંત સુધીમાં જેન્ડર શિક્ષણ કાર્યક્રમમાં ૩ મોડ્યુલો આવરી લેવામાં આવ્યા હતા, આ કાર્યક્રમ સંસ્થા દ્વારા ૦૩ ગામોમાં ચલાવવામાં આવે છે. ૧૩ થી ૧૭ વર્ષની વય જૂથના ૧૦૦ કિશોરોને આવરી લેવામાં આવ્યા.







આ મહિને ૧૩ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ ૧ ઓનલાઈન લેખન સત્ર હાથ ધરવામાં આવ્યું. જેમાં ત્રિમાસિક સમીક્ષા અને લીડીંગ ઈમ્પેક્ટ અહેવાલ, રીવ્યુ મીટની મીનીટસ ગુજરાતના અહેવાલ અને મહિલા વૃતિકા યોજનાના અહેવાલ પર ચર્ચા કરવામાં આવી.



આ મહિના દરમ્યાન ૫ વાંચન સત્રો યોજાયા, ૨ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ‘જીવનના કેન્દ્રો’ પર ચર્ચા, ૯ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ હિન્દી ફિલ્મ 'આનંદ' જોઈ અને તેના આધારે ‘મૃત્યુ જીવન શીખવે છે’ તેના પર ચર્ચા કરવામાં આવી. ૧૬ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ ‘લક્ષ્યને દૃષ્ટિ સમક્ષ રાખીને જીવો’ પર વાતો થઇ, ૨૩ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ ‘અંગત મિશન નિવેદન’ વિષે ચર્ચા કરવામાં આવી, અને છેલ્લે ૩૦ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ 'મિશન સ્ટેટમેન્ટ' પર ચર્ચા થઈ.




તારીખ 2 ઓગસ્ટ 2024 કોટન કનેક્ટ માંથી અમિતભાઈ અને પ્રિયાબેન દ્વારા માનવ અધિકાર ડ્યુ ડીજીલંસ, બાળ મજુરી, ફીલ્ડમાં આવતી મુશ્કેલીઓ વગેરે મુદ્દાઓ પર મંડાળા ઓફીસ ખાતે તાલીમ આપવામાં આવી.



## તારીખ ૨૭ ઓગસ્ટ ૨૦૨૪ન રોજ કોટન કનેક્ટ દ્વારા કાર્યક્રમ અને કાર્યક્ષેત્રની મુલાકાત કરવામાં આવી.





**તારીખ ૨૨ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટીમાં ખેડૂતોને પ્રેરણા પ્રવાસ માટે લઇ જવામાં આવ્યા. ત્યાં વિવિધ વિભાગો જેવાકે રોગ અને જીવાતશાસ્ત્ર, સરદાર સ્મૃતિ કેન્દ્ર, બિયારણ વિભાગ, પ્રાકૃતિક ફાર્મ, પેસ્ટીસાઈડ વિભાગ, બાયો પેસ્ટીસાઈડ વિભાગ ની મુલાકાત તેમજ અનુભવી કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા વ્યાખ્યાન આયોજિત કરવામાં આવ્યા.**










**Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here**

GREATNONPROFITS 2024 TOP-RATED NONPROFIT

GuideStarIndia — Commitment to Transparency Verified, Valid till Dec 2023. Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org